## વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગત

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ કેન્દ્રીય ધોરણે ડાયરેકટર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શ્રીનાં તાબા હેઠળ નીચે મુજબની કામગીરી બજાવે છે.

(૧) અમદાવાદ શહેરમાં ઉત્પન્ન થતો મ્યુનિસિપલ ઘન કચરો જે તે ઝોનમાં ફરજ બજાવતાં સફાઈ કામદારો તથા ડોર / ગે ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર, સ્પોટ ટુ ડમ્પ પધ્ધતિ અનુસાર એકત્ર થાય છે તે તમામ કચરો જુદા જુદા વાહનોમાં પરિવહન કરી પીરાણા ખાતે આવે છે. આ તમામ કચરાનું વે બ્રીજ ઉપર તેનું વજન કરાવી સુએઝ ફાર્મ ડમ્પ સાઈટ ઉપર તેનો આખરી નિકાલ કરવામાં આવે છે

(૨) મ્યુનિસિપલ હસ્તકની પાંચ જનરલ હોસ્પિટલો તથા રેફરલ હોસ્પિટલો, પ્રસૂતિગૃહ, હેલ્થ કેર સેન્ટર વિગેરેમાં રોજે રોજ ઉત્પન્ન થતાં બાયો મેડીકલ વેસ્ટને એકત્ર કરી તેનાં આખરી નિકાલની કામગીરી કરાવવામાં આવે છે. આ સમગ્ર કામગીરી હાલમાં કોન્ટ્રાકટથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ માન્ય બે સંસ્થાઓને સોંપવામાં આવેલ છે આ સંસ્થાઓ પાસેથી કામગીરી લેવાની કામગીરી.

(૩) શહેરમાં મરણ પામતાં નાના જાનવરો ઝોનનાં હેલ્થ વિભાગ દ્વારા ઉપાડી નકકી કરવામાં આવેલી કચરાપેટી ઉપર લાવવામાં આવે છે અને આ પ્રમાણે લાવવામાં આવતાં નાના મરેલા જાનવરો ઉપાડી લઈ કાર્કશ ડમ્પ ઉપર તેનાં નિકાલની કામગીરી

(૪) શહેરમાં મરણ પામતાં મોટા જાનવરો જેવા કે ગાય, બળદ, ભેસ, ઉંટ વિગેરેની ફરિયાદો પેઈલ ડેપો ખાતે સ્વીકારવાની કામગીરી અને ફરિયાદનાં સ્થળ ઉપરથી આવા મરણ પામેલા મોટા જાનવરો ઉપાડી કાર્કશ ડમ્પ સાઈટ ઉપર તેનાં આખરી નિકાલની કામગીરી

(૫) મ્યુનિસિપલ હસ્તકની ત્રણ દરવાજા પાસે આવેલ ફીશમાર્કેટ તેમજ મીરઝાપુર મટન માર્કેટ, કાલુપુર મટન માર્કેટ, રખિયાલ મટન માર્કેટ અને મ્યુનિસિપલ સ્લોટર હાઉસનાં વેસ્ટને વાહનો દ્વારા ઉપાડી લઈ કાર્કશ ડમ્પ સાઈટ ઉપર તેનાં આખરી નિકાલની કામગીરી

(૬) ઘન કચરાનાં પ્રોસેસીંગ પ્લાન્ટો જેવા કે એકસલ ઈન્ડસ્ટ્રીઝ લી., યુપીએલ ડીજાઈ પાવર લી., ક્રીએટીવ ઈકો-રીસાયકલ પોર્ટ પ્રા.લી., હંજર બાયોટેક એનર્જીસ લી.ને દૈનિક ધોરણે કરારની શરતો અનુસાર ઘન કચરો આપવાની કામગીરી.

(૭) ઘન કચરાનાં પ્રોસેસીંગ પ્લાન્ટોમાંથી નીકળતો નિષ્ક્રીય કચરો સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટ ખાતે નિકાલ કરાવવાની કામગીરી.

(૮) ઘન કચરાનાં નિકાલ અંગે શહેરમાં લોકોમાં જાગૃતિ આવે તે સારૂ Information Education Communication (IEC ) અભિયાનનું અંતર્ગત કરવાની થતી કામગીરી.

(૯) ઘન કચરાને ડીસેન્ટ્રલાઈઝ મોડેલથી સીધે સીધો ખાતર બનાવવાની કામગીરી અંગેનાં પ્લાન્ટોને કાર્યાન્વિત કરવાની કામગીરી.

(૧૦) ધી મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ ૨૦૦૦ અનુસાર તૈયાર કરવામાં આવેલ સીકયોર્ડ એન્જીનીયર્ડ લેન્ડફીલ સાઈટમાં ઘન કચરાનાં પ્રોસેસીંગ પ્લાન્ટોમાંથી નીકળતો નિષ્ક્રીય કચરો નિકાલ કરવાની તેમજ તેની જાળવણીની કામગીરી

(૧૧) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તેમજ અન્ય સરકારી સંસ્થાઓ, વિભાગો સાથે સંકલનમાં રહી કરવાની થતી કામગીરી.